# સખીમંડળ દ્વારા મહિલા સશક્તિકરણ- એક અભ્યાસ

કનૈયાલાલ રામજીભાઈ પટેલ

## ૧. પ્રસ્તાવના

સશક્તિકરણમાં શક્તિ મહત્વની છે.જેમાં બળ, પ્રભાવ નિયુક્ત છે. સરળ અર્થમાં જોઈએ તો મહિલા સશક્તિકરણનો અર્થ મહિલાઓમાં એવા પ્રકારની સત્તા અને શક્તિ હોવી જેમાં પોતાના જીવનનો નિર્વાહ પોતાની ઈચ્છા અનુસાર કરવા માટે સક્ષમ અને સ્વતંત્ર હોય. મહિલા સશક્તિકરણ એક પ્રક્રિયા છે. સ્ત્રી અને પુરુષ સમાન શક્તિ, સમાજ સ્વતંત્રતા અને સમાજ માટેનું સરખું યોગદાન, સરખી વિચારસરણી સાથે તેને સંબંધ છે.આ બધું કરવું હોય તો મહિલાઓએ શારીરિક, માનસિક અને આર્થિક રીતે સશક્ત થવું પડે, સત્તા મેળવવી અનિવાર્ય છે. મહિલા સશક્તિકરણ અને ગ્રામ્ય મહિલા ઉદ્યોગ સાહસિકતા માટે મહિલા સ્વ-સહાય જૂથ ખુબ જ અસરકારક અભિગમ સાબિત થયેલ છે. આ વ્યુહરચના સૌ પ્રથમ ઉપયોગ બાંગ્લાદેશમાં ગ્રામીણ બેન્ક વડે કરવામાં આવ્યો.અને ત્યારબાદ માત્ર ભારતે જ નહિ પણ સમગ્ર વિશ્વના દેશોમાં વ્યુહરચનાની અસરકારક સાક્ષી બન્યા છે.આજે સ્વ-સહાય જુથોનો વિવિધ વિકાસાત્મક હસ્તક્ષેપ વ્યૂહરચના તરીકે સફળ પ્રયોગ થયો છે.

સ્વ-સહાય જૂથના માધ્યમથી ઉછીના નાણા આપી ગ્રામ્ય સ્ત્રીઓનું સશક્તિકરણ કરવા માટેના એક અસરકારક સાધન તરીકે સ્વ-સહાય જૂથ પધ્ધતી ઉપયોગી નીવડેલ છે. આ એક સંકલિત અભિગમ છે, કે જેમાં ઉછીના નાણા કે જરૂરિયાતવાળી સ્ત્રીઓના જૂથમાં જોડાવવાનું આકર્ષણ બની રહે છે, જયારે એકવાર સભ્ય બન્યા બાદ જૂથ ગતિશીલતા અને વ્યવસ્થાપનની પ્રક્રિયા વડે આ જૂથ સભ્યોને વ્યાવસાયિક અભિગમ કેળવવાનું માધ્યમ પૂરું પાડે છે, અને તેથી સભ્યો આપોઆપ સભાન બને છે.

આજે સ્વ-સહાય જૂથને ટકાઉ વિકાસની સંસ્થા તરીકે જોવાય છે, જે ગ્રામ્ય ગરીબ સ્ત્રીઓને ખુબ જ અનિવાર્ય નાણાંકીય બળ પૂરા પાડે છે. જે તેમને તેમના જીવન ઉપર નિયંત્રણ મેળવવા યોગ્ય પગલાં લેવા માટે દિશા ચીંધે છે. સ્વ-સહાય જૂથનો અભિગમ માત્ર નાણાંકીય પરિસ્થિતિ પૂરી પાડવા ઉપરાંત તેમના આરોગ્ય, સ્વછતા, સેનિટેશન, પર્યાવરણ રક્ષણ, શિક્ષણનું મહત્વ અને વિકાસ યોજનાઓને વિશે જાગૃત કરે છે.

## ૨. સખીમંડળનો ઉદ્ભવ અને વિકાસ

મહિલા સશક્તિકરણ તથા તેઓના આર્થિક અને સામાજિક ઉત્થાન માટે રાજ્ય સરકાર દ્વારા તા-૦૨/૦૨/૨૦૦૭થી સખીમંડળની નવતર યોજનાઓનો અમલ કરવામાં આવેલ છે.ગ્રામીણ વિસ્તારમાં રહેતી બહેનો બચત કરવા પ્રેરાય, તેઓમાં રહેલી સમૂહ ભાવના જાગૃત થાય, સક્ષમ બને તેવા શુભ આશ્રયથી આ યોજનાનો શુભ પ્રારંભ કરવામાં આવે છે. આ યોજનાનું અમલીકરણ ગ્રામવિકાસ વિભાગના સબળ નેતૃત્વ તથા મહિલા અને બાળ કલ્યાણ વિભાગના સુયોગ્ય સંકલ્પથી કરવામાં આવેલ છે, જેના થકી મહિલાઓના સર્વાંગી વિકાસને વધુ વેગ મળશે, વિકાસમાં મહિલાઓ વધુ મોટી ભૂમિકા ભજવી શકે તે માટે વિવિધ પ્રયાસો થઇ રહ્યાં છે.પોષણ, આરોગ્ય, કૌશલ્યની કક્ષા ઉંચી લાવવી, આવક નિર્માણ કરવી, અશક્યતાઓ અને રોજગારીની તકો, સહાયક સેવાઓ જુદા-જુદા સરકારી કાર્યક્રમો દ્વારા પૂરી પાડવામાં આવી છે. અને જે સ્ત્રીઓ ગ્રામીણ વિસ્તારમાં કુટુંબના વડા તરીકે છે અને જેમનું કુટુંબ ગરીબીની રેખા હેઠળ જીવતું હોય એમને ખાસ કરીને આ કાર્યક્રમ સહાય કરવાનો પ્રયત્ન ચોક્કસ કરે છે.મહિલાઓની વિવિધ જરૂરિયાતોને પહોંચી વળવા અને એમની સમસ્યાઓ હલ કરવામાં અને સામેલ કરવા તેમજ સક્રિય બનાવવા એમની જરૂરિયાતો અને સમસ્યાઓનું મૂલ્યાંકન કરવાનું છે.પરસ્પર કામગીરી સરળ બનાવવા અને સામુહિક રીતે હલ કરવા માટે અને અગ્રતા આપવા અહીં સખીમંડળોની રચના દ્વારા વિકાસની કામગીરી હાથ ધરવામાં આવી છે. છટ્ટી પંચવર્ષીય યોજનાના દસ્તાવેજમાં મહિલાઓના સર્વાંગી વિકાસ અંગેનું પ્રકરણ આ ભલામણોના આધારે હતું.એમાં સૂચિત વ્યૂહને સ્વીકારવામાં આવ્યો હતો. સ્ત્રીઓની વસ્તીનો મોટો ભાગ ગ્રામીણ સ્ત્રીઓનો જ બનેલો છે અને એમાંની ભલામણ ૫૦% સ્ત્રીઓ ગરીબી રેખા નીચે જીવતી હોવાથી, નિષ્ણાંત જુથે ગ્રામીણ સ્ત્રીઓ માટે ખાસ ચિંતા વ્યક્ત કરી અને મહિલાઓના સર્વાંગી અને આર્થિક વિકાસ માટે સખીમંડળ યોજનાનો ઉદ્ભવ અને વિકાસની કામગીરી અમલમાં મૂકી છે.

આમ, ગ્રામીણ ગરીબ કુટુંબમાં સખીમંડળો સખી વેતન સંગઠિત કરીને સક્ષમ કરવા કૌશલ્યવર્ધન તાલીમ પૂરી પાડવા આંતરિક માળખાકીય સુવિધાઓ પુરી પાડી, આર્થિક પ્રવૃત્તિ સાથે સાંકળવા તેમજ રેવોલ્વીંગ ફૂડ, બેંક ધિરાણ સાથે જોડવાના હેતુથી ભારત સરકાર રાજ્ય સરકારની વિવિધ યોજના હેઠળ મહિલાઓની સ્વરોજગારી પૂરી પાડીને આર્થિક રીતે પગભર કરવા પ્રવૃત્તિઓ હાથ ધરીને વિકાસ તરફ દોરવામાં આવશે.

**૩. સખીમંડળને કારણે મહિલાઓનું સ્ત્રીસશક્તિકરણ**

ભારતની પ્રાચીન સંસ્કૃતિએ નારીને 'નારાયણી' ગણીને પુરાતન કાળથી સમાજમાં સર્વોચ્ચ સ્થાન આપે છે. આપની સંસ્કૃતિએ માત્ર સમાજ જ નહિ, પરંતુ નારીને અધિક પ્રભાવી દરજ્જો આપ્યો છે. રાજ્ય સરકારે ગ્રામ્ય વિસ્તારની ગરીબ બહેનોની સામૂહિક રીતે સંગઠિત કરી તેઓને આર્થિક રીતે પગભર કરી સશક્તિકરણ નો નવો અભિગમ દાખવ્યો છે. બહેનોમાં સંગઠિત થવાથી જાગૃતિ વધે તો જ વિકાસલક્ષી યોજનાનો વિશાળ પાયા પર લાભ મેળવી શકાય. મહિલાઓને સમાજના આર્થિક અને સામાજિક ઉત્થાનમાં જોડવાના કાર્યમાં રાજ્યના પ્રયાસ માંથી જ સખીમંડળ યોજનાઓનો ઉદ્ભવ થયો છે.

રાજ્ય સરકારે સખીમંડળો રચી સ્ત્રી શક્તિ જાગૃત કરવાની આ ઉમદા કામગીરીના સંકલિત અભિગમને સમાજના તમામ વર્ગો અને તેમાંય ખાસ કરીને વંચિતો સુધી પહોંચાડવાની હાલના સમયની મહત્વની જરૂરિયાત છે. ગ્રામ્ય ગરીબોને જે નાના-નાના જૂથો બને છે. તે જૂથના સભ્યો એકબીજાના વિચારો મુક્ત પણે રજૂ કરી વૈચારિક પ્રક્રિયામાં ભાગ લેતા થાય. પોતાની માર્યાદિત આવકના સ્ત્રોતોમાંથી જૂથ રકમનો નિરંતર બચાવ કરવાથી, જયારે જરૂર પડે છે ત્યારે આર્થિક સામાજિક અને આકસ્મિક ખર્ચ માટે પોતાની બચતનો સરળ ઉપયોગ ધિરાણની પ્રક્રિયા સઘન અને જડપી વિકાસને વેગવંતો બનાવી શકે, બેંકતથા અન્ય એજન્સીઓ સાથે સબંધ કેળવી શકે ક્રેડીટ મેનેજમેન્ટ તાલીમ દ્વારા વિકાસની પ્રક્રિયામાં ભાગીદારી બની શકે આવી કાર્યવાહી સખીમંડળ જૂથ જાતે જ કરે છે.

ગ્રામ્ય વિસ્તારના મંડળ જૂથનો બેંક સાથે સંકળાવાનો અભિગમ છે. ભારતમાં આ અભીગમ ચાલુ કરવા રીઝર્વ બેંક દ્વારા સરકારી બિનસરકારી સંસ્થાઓ દ્વારા પ્રયાસ હાથ ધર્યા સખીમંડળની બહેનોએ આત્મવિશ્વાસ અને જાગૃતિ આવે અને તેમની કાર્ય કુશળતા અને કાર્યક્ષમતા સુધરે અને તેમના અંગત વ્યક્તિત્વનું ઘડતર થાય તે માટે બહેનોને તાલીમો આપીને યોગ્ય રીતે તૈયાર કરવામાં આવે છે. મહિલાઓના સશક્તિકરણ તથા તેઓના આર્થિક અને સામાજિક ઉત્થાન માટે રાજ્ય સરકાર દ્વારા સખીમંડળની નવતર યોજનાનો અમલ કરવામાં આવેલ છે. ગ્રામીણ વિસ્તારમાં રહેતી બહેનો બચત કરવા પ્રેરાય, તેઓમાં રહેલી સમૂહ ભાવના જાગૃત થાય, સક્ષમ બને તેવા શુભ આશયથી આ યોજનાનો શુભ પ્રારંભ કરવામાં આવે છે. આ યોજનાનું અમલીકરણ ગ્રામવિકાસ વિભાગના સબળ મહિલા અને બાળકલ્યાણ વિભાગના સુયોગ્ય સંકલ્પથી કરવામાં આવેલ છે.જેના થકી મહિલાઓના સર્વાંગી વિકાસને વધુ વેગ મળશે.

ગુજરાત રાજ્યમાં મહિલા વિકાસ અને ઉત્થાન માટે ઉત્કૃષ્ટ પ્રયાસ થઈ રહ્યાં છે. ત્યારે સખીમંડળ યોજના હેઠળ ગ્રામીણ મહિલાઓના આત્મવિશ્વાસ અને નારી ગૌરવને સાકાર કરી મહિલાઓ સમાજ અને કુટુંબના અર્થતંત્રમાં પોતાનું પણ યોગદાન આપવા સમર્થ થશે. સખીમંડળનો મૂળભૂત હેતુ મહિલાઓમાં બચતની ભાવના વિકસાવવા તથા આર્થિક પ્રવૃત્તિઓ હાથ ધરી શકે તેવી પ્રક્રિયાઓને દ્રષ્ટિભૂત કરવાનો અને સખીમંડળોની પ્રવૃત્તિઓ દ્વારા સામાજિક પરિવર્તન માટેનું વાતાવરણ તૈયાર કરવાનું છે.
ગુજરાતની સ્વર્ણિમ જયંતીની ઉજવણીના વર્ષને ગુજરાતમાં મહિલા સશક્તિકરણ અને ગરીબી નિવારણના સક્ષમ માધ્યમ તરીકે ગુજરાત સરકારે મિશન મંગલમ યોજનાની શરૂઆત કરી. આ યોજનાના અમલીકરણ માટે ગુજરાત સરકારે એપ્રિલ ૨૦૧૦ માં ગુજરાત લાઈવલી હુડ પ્રમોશન કંપની લી. ની સ્થાપના કરી ગ્રામીણ વિસ્તારની ગરીબ બહેનોને એક જૂથમાં સંગઠિત કરી તેમણે બચત અને આંતરિક ધિરાણનું મહત્વ સમજાવી મહિલાઓને સક્ષમ બનાવવી એ મિશન મંગલમ યોજનાનો મુખ્ય ઉદ્દેશ છે. આ આશય ને ધ્યાનમાં રાખીને ગ્રામીણ ગરીબ કુટુંબોના સ્વ સહાય જૂથો રચી સંગઠિત કરી તેમણે સક્ષમ કરવા કૌશલ્યવર્ધન તાલીમ અને આંતર માળખાકીય સુવિધાઓ પૂરી પડી મહિલાઓને આર્થિક પ્રવૃત્તિ સાથે સાંકળવામાં આવે છે.આ જુથોને રીવોલ્વીંગ ફંડ, બેંક ધિરાણ સાથે જોડવાના હેતુથી ભારત સરકાર તથા રાજ્ય સરકાર ની વિવિધ યોજનાઓ હેઠળ રચતા સ્વ સહાય જૂથોની પ્રવૃત્તિઓની કામગીરીનું મોનીટરીંગ સંકલન અને મુલ્યાંકનમાં એકસુત્રતા જાળવવાનો પ્રયાત્ન કરવામાં આવી રહ્યો છે. આ કાર્યક્રમ હેઠળ ગૃહ ઉદ્યોગ,કૃષિ અને પશુપાલન, એગ્રો પ્રોસેસિંગ અને ડેરી ક્ષેત્રે રોજગારીની તકો વધુ ઉજ્જવળ કરીને રાજ્યની મહિલાઓને આર્થિક સશક્ત બનાવવાની દિશામાં એક નક્કર કદમ ઉઠાવ્યું છે.

વિશ્વની કુલ વસ્તીમાં લગભગ અડધી જેટલી વસ્તી સ્ત્રીઓની છે અને ભારતમાં અડધાથી થોડી ઓછી વસ્તી સ્ત્રીઓની છે. કુટુંબ અને સમાજના વિકાસ ઉપરાંત મહિલાઓ ખેતી અને બિનખેતી ક્ષેત્રે રોજગારીમાં પણ મહત્વનું યોગદાન આપે છે આમ છતાં પુરુષ પ્રધાન સમાજમાં સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓના  પ્રયત્નો છતાં આર્થિક અને નાણાંકીય ક્ષેત્રોમાં મહિલાઓનું પૂરતું પ્રાધાન્ય આપવામાં આવતું નથી.આ બાબતો ધ્યાનમાં રાખીને વિશ્વના મોટા ભાગના દેશોએ મહિલા સશક્તિકરણ માટે સ્વસહાય જૂથ દ્વારા ધિરાણનો માર્ગ અપનાવેલ છે, જે ખુબ જ સફળ રહ્યો છે.વ્યાપારિક બેંકો, ગ્રામીણ બેંકો અને સુક્ષ્મ ધિરાણની સંસ્થાઓ સુક્ષ્મ ધિરાણને એક નફાકારક વ્યવસાય તરીકે સ્વીકારે છે. જેને લીધે વધારેમાં વધારે મહિલાઓ સુક્ષ્મ ધિરાણની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ છે.

સ્વ સહાય જૂથ દ્વારા ધિરાણનો મુખ્ય હેતુ મહિલાઓનો સામાજિક, આર્થિક વિકાસ કરવાનો છે. સામાન્ય રીતે આર્થિક બબતોમાં મહિલાઓની ભાગીદારી ખુબ જ ઓછી હોય છે.આથી સ્વસહાય જૂથના માધ્યમથી મહિલા સુક્ષ્મ ધિરાણ મેળવી આર્થિક પ્રવૃત્તિ શરૂ કરતી થયેલ છે.મહિલા સશક્તિકરણ એ દેશના આર્થિક વિકાસ માટે અત્યંત મહત્વની બાબત છે.

સ્વ સહાય જૂથ અને સુક્ષ્મ ધિરાણના માધ્યમથી મહિલાઓની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય છે જેના લીધે તેના સામાજિક અને આર્થિક દરજ્જામાં પરિવર્તન આવે છે અને મહિલાઓ સશક્ત બને છે.

**સંદર્ભ**

૧. મિશન મંગલમ સહાય જૂથ માટે કલ્યાણકારી યોજનાની માહિતી પુસ્તિકા
૨. મહિલા સશક્તિકરણ....... ગુજરાતની પહેલ........મહિલા અને બાળવિકાસ વિભાગ
૩. સ્વ-સહાય જૂથનો અર્થ --મિશન મંગલમગુજરાત લાઈવલી વુડ પ્રમોશન કંપની લી.
૪. આજીવિકા-ગ્રામ વિકાસ મંત્રાલય ભારત સરકાર